# –: <u>ટુંકી મુદતની નિવિદા</u> :–

જીલ્લા આરોગ્ય સોસાયટી,આરોગ્ય શાખા, જી.પં.જુનાગઢ દવારા વીટામીન–એ સોલ્યુશન **Syrup Vitamin A solution Conc 1 lac IU/1ml 100ml Bottle** ૧૬૦૦ નંગ ખરીદવાનું થતુ હોય, રસ ધરાવતી વ્યકિત/પાર્ટીઓ પાસેથી ટેન્ડર/એન.એચ.એમ.ની શરતોને આધિન ભાવો મંગાવવામાં આવે છે. ઈ.એમ.ડી.ની રકમ રૂા.૧,૦૦૦/–નો નેશનલાઈઝડ બેંકનો ચેક/ડી.ડી."ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી એકા.નોન એનએચએમ", જુનાગઢ ના નામનો ટેકનીકલ બીડ સાથે જોડવાનો રહેશે.

ભાવ બંધ કવરની અંદર જરૂરી આધારોની પ્રમાણિત નકલો સાથે કવર પર <u>*"વીટામીન–એ સોલ્યુશન ના ભાવ"*</u> લખી મેમ્બર સેક્રેટરીશ્રી, જી.આ.સો.,જીલ્લા પંચાયત, આરોગ્ય શાખા, શશીકુંજ રોડ, નવી કલેકટર કચેરી કમ્પાઉન્ડ, જુનાગઢને જાહેરાત પ્રસિધ્ધીની તારીખથી દિન–૫ માં જરૂરી તમામ ડોકયુમેન્ટો સાથે રૂબરૂ/ ટપાલ/ એડી/ કુરીયર થી પહોંચતા કરવાના રહેશે.ટેન્ડરની શરતો, વિગેરે <u>www.junagadhdp.gujarat.gov.in</u> ઉપર જોવા મળશે જે ડાઉન લોડ કરી ટેન્ડર ભરી મોકલવાનું રહેશે.

સહિ:– અવાચ્ય<br>
મેમ્બર સેક્રેટરી, ડી.એચ.એસ. અને<br>
મુ. જિ. આ. અ., જી. પં., જુનાગઢ.

# જીલ્લા આરોગ્ય સોસાયટી, જુનાગઢ.

## વિટામીન–એ સોલ્યુશન ખરીદવા માટે

## ટેન્ડર ની સામાન્ય શરતો.

૧. જીલ્લા આરોગ્ય સોસાયટી, આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત,શશીકુંજ સામે, નવી કલેકટર કચેરી કેમ્પસ, જુનાગઢ–૩૬૨૦૦૧ ખાતે મોકલી આપવાના રહેશે.

૨. કવર ઉપર વીટામીન–એ સોલ્યુશન ના ભાવ તેમ લખી બંધ કવરમાં ટપાલ/રૂબરૂ/એડી/કુરીયર થી સમય મર્યાદામાં રજુ કરવાનું રહેશે.

૩. ટેન્ડર ડોકયુમેન્ટ નિવીદામાં દર્શાવેલ વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી તમામ પાને સહિ સીકકા કરી લેટર પેડ પર અધીકૃત સહી સીકકા વાળા ભાવો રજુ કરવાના રહેશે.

૪. સંસ્થા પાસે સરકારશ્રીએ નીયત કરેલ જરૂરી લાયસન્સ, દુકાન નોંધણી, જીએસટી નોંધણી, પાનકાર્ડ વગેરે જાહેરાત ની તારીખે ની નોંધણી તથા રીન્યુ કરાવેલા હોવા જોઇએ.

૫. પાર્ટીએ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬, ૨૦૧૬–૧૭ તથા ૨૦૧૭–૧૮ ના એમ ત્રણ વર્ષના ટર્નઓવર તથા ઇન્કમટેકસ ના આધારો ભાવો સાથે જોડવાના રહેશે.

૬. Syrup Vitamin A solution Conc 1 lac IU/1ml 100ml Bottle મુજબ ના સ્પેસીફીકેશન ની કુલ ૧૬૦૦ નંગ બોટલની જરૂરીયાત હોય ભાવ પત્રક માં ૧ બોટલ નો ભાવ ભારતીય રૂપીયામાં ભરવાનો રહેશે.(ભાવો શબ્દોમાં અને આંકડામા અલગ અલગ હશે તો ટેન્ડર રદ કરવામાં આવશે.)

૭. જથ્થા માં વધ/ઘટ કરવાની સત્તા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ને રહેશે. તેમજ ન્યાયક્ષેત્ર જુનાગઢ રહેશે.

૮. સ્પેસીફીકેશન અને ગુણવત્તાસભર જથ્થો પુરો પાડવાનો રહેશે.

૯. ભાવમાં તમામ પ્રકારના કરવેરા,ટ્રાન્સપોર્ટેશન,મજુરી તેમજ અન્ય તમામ ચાર્જીસ સહીતના અત્રેની કચેરીએ પહોચતા કરવા સુધીના રહેશે.

૧૦. ટેન્ડર સાથે ઇએમડી ની રકમ રૂા.૧,૦૦૦/– નેશનલાઇઝડ બેંકનો ચેક/ડીમાન્ડ ડ્રાફટ "District Health Society-Non Nhm junagadh" ના નામનો ભાવપત્રક સાથે જોડવાનો રહેશે. તેમજ ટેન્ડર મંજુર થયે, સક્ષમ અધિકારી નકકી કરે તેટલી સીકયુરીટી ડીપોઝીટ નો અલયદો ડીમાન્ડ ડ્રાફટ ઉકત જણાવેલ નામનો પછીથી રજુ કરવાનો રહેશે.

૧૧. ટેન્ડર મંજુર થયે તાત્કાલીક માલ સપ્લાય કરવાનો રહેશે. માલ વર્કઓર્ડર ની તારીખથી દિન–૫ સુધીમાં વર્કઓર્ડરમાં સુચવ્યા મુજબ સપ્લાય કરવાનો રહેશે.સમય મર્યાદામાં માલ પુરો નહી પાડયે સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૧૨. ચેકચાક વાળુ કે અધુરી વીગતો વાળુ ટેન્ડર રદ કરવામાં આવશે.તેમજ શરતી ટેન્ડર અમાન્ય કરવામાં આવશે.

૧૩. ભાવ ભરનાર ની હાજરીમાં ટેન્ડર ખોલવાનું નકી થયે ટેલીફોનીક જાણ કરવામાં આવશે.

૧૪. કોઇ પણ ભાવો મંજુર/નામંજુર કરવાની તમામ સત્તાઓ મુખ્ય જીલ્લા આરોગય અધીકારીશ્રી ની રહેશે.

ભાવ ભરનાર ના સહી/સીકકા

# <u>જીલ્લા આરોગ્ય સોસાયટી, જુનાગઢ.</u>

વિટામીન–એ સોલ્યુશન ખરીદવા માટે

## <u>ભાવપત્રક નો નમુનો</u>

| ક્રમ | વિગત | પ્રતિ–૧ બોટલના ભાવો રૂપીયા અંકોમાં તથા શબ્દોમાં |
|---|---|---|
| ૧ | Syrup Vitamin A solution Conc 1 lac IU/1ml 100 ml Bottle. | |

ભાવ ભરનાર ના સહી/સીકકા